# ADIWASI ARTS & COMMERCE COLLEGE

# SANTRAMPUR

# NSS વાર્ષિક શિબિર

## તારીખ:- 21/03/2022 થી 27/03/2022

- ફળવા પ્રાથમિક શાળા

મુ:- ફળવા

તા:- સંતરામપુર

જિ:- મહીસાગર

વર્ષ:-2021/22

| **ક્રમ** | **એકટીવીટી** | **તારીખ** |
|---|---|---|
| **1** | કેમ્પસ સફાઈ, ગ્રામ સંપર્ક, ઉદ્ઘાટન સમારોહ. યુવક સહકારી શિક્ષણ તાલીમ વર્ગ ની શરૂઆત | **21/03/2022** |
| **2** | દેશભક્તિ ચિત્ર સ્પર્ધા અને રંગોળી સ્પર્ધા, મહેદી સ્પર્ધા | **22/03/2022** |
| **3** | અંધશ્રદ્ધા નિવારણ કાર્યક્રમ | **23/03/2022** |
| **4** | સ્વાતંત્ર્ય સેનાની પરિચય માનગઢ પ્રવાસ, વ્યસન મુક્તિ વ્યાખ્યાન. | **24/03/2022** |
| **5** | ગ્રામીણ રમતો અને યોગ | **25/03/2022** |
| **6** | સિંધી સાહિત્ય અકાદમી સેમિનારમાં હાજરી | **26/03/2022** |
| **7** | સમાપન સમારોહ | **27/03/2022** |

આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર NSS યુનિટ દ્વારા તા :- 21/03/2022 થી 27/03/2022 દરમિયાન સાત દિવસીય વાર્ષિક શિબિરનું આયોજન પ્રાથમિક શાળા ફળવા, ગામ ફળવા, તાલુકો સંતરામપુર, જીલ્લો મહીસાગર ખાતે કરવામાં આવેલ. આ શિબિરમાં કોલેજના કુલ 29 વોલન્ટીયર્સ ભાઈ બહેનોએ હાજરી આપી હતી.

શિબિરના આયોજન પૂર્વે ગામના માજી સરપંચ શ્રી દીપાભાઇ ડામોર તેમના ધર્મપત્ની કોકીલાબેન ડામોર ની તેમના ઘરે બે વાર મુલાકાત લેવામાં આવી હતી. તેમજ શાળાના આચાર્યશ્રી મહિપતસિંહ રાણા સાહેબ તેમજ શાળાના શિક્ષક ગણની મુલાકાત લેવામાં આવી હતી ત્યારબાદ SMC અધ્યક્ષ અને તેમની સમિતિના સભ્યોની પણ મુલાકાત લેવામાં આવી હતી. ગામના સરપંચ શ્રી મંજુલાબેન ગણપતભાઈ ડામોર દ્વારા સંપૂર્ણ સહકાર આપ્યો હતો.

## <u>તારીખ:- 21/07/2022</u>

સવારે 9:00 કલાકે પ્રાથમિક શાળા ફળવાના કેમ્પસમાં આગમન થયું. ત્યારબાદ ઉદ્ઘાટન સમારોહની તૈયારી રૂપે કેમ્પસ સફાઈ કરવામાં આવી. ત્યારબાદ ગામના વિવિધ ફળિયામાંથી ગામના લોકોને બોલાવવા માટે પાંચ ટીમ બનાવી અને વોલન્ટીયર્સ ગામમાં મોકલવામાં આવ્યા.

ગામ લોકોના આગમન બાદ તેમજ બેનર બેઠક વ્યવસ્થા ની તૈયારી કરીને મુખ્ય મહેમાનોને બોલાવવામાં આવ્યા.

આચાર્યશ્રી અભય પરમાર સાહેબના અધ્યક્ષ સ્થાને મુખ્ય મહેમાન શ્રી દીપાભાઇ ડામોર (માજી સરપંચ ફળવા ગામ) તેમજ મહિપતસિંહ કનકસિંહ રાણા ( આચાર્યશ્રી ફળવા પ્રાથમિક શાળા ) શ્રી નરવતભાઈ કે ખાંટ (SMC અધ્યક્ષ) તેમજ PHD સ્ટુડન્ટ કોકીલાબેન ખાટની હાજરીમાં સરપંચ શ્રી મંજુલાબેન ગણપતભાઈ ના હસ્તે ઉદઘાટન કરવામાં આવ્યું.

ઉદ્ઘાટન પ્રસંગે આચાર્યશ્રી મુખ્ય મહેમાન શ્રી એ પ્રાસંગિક ઉદ્બોધન કર્યા હતા. NSS P. O. પ્રો. એ જી ઠાકોર NSS વિશે જાણકારી આપી. તેમજ સાત દિવસ દરમિયાન કેમ્પસમાં થવાની કામગીરી અંગે જણાવ્યું હતું.

બપોરના ભોજન બાદ NSS શિબીરાર્થી થી વિદ્યાર્થીઓ માટે સહકારી શિક્ષણ તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું. મહીસાગર જિલ્લા સહકારી સંઘ લુણાવાડાના સહયોગથી છ દિવસીય તાલીમનું આયોજન છે આ માટે મહીસાગર જિલ્લા સહકારી સંઘના એક્ઝિટિવ ઓફિસર અરવિંદભાઈ ચૌહાણ, તાલીમ ઇન્સ્ટ્રક્ટર મોતીભાઈ એસ પગી ઉપસ્થિત રહ્યા હતા.

બપોર બાદ વિદ્યાર્થીઓએ એકબીજા સાથે પરિચય આપ્યો હતો.




REDMI NOTE 8 PRO
AI QUAD CAMERA





## <u>તારીખ:- 22/03/2022</u>

તારીખ :- 22/03/2022 ના રોજ શિબિરના બીજા દિવસે સવારે શિબિરના સ્થળની સફાઈ કરવામાં આવી. ત્યારબાદ શાળાના બાળકો સાથે પ્રાર્થના અને ધૂન ગઈ શાળાના બાળકો માટે દેશભક્તિ ચિત્ર સ્પર્ધા રંગોળી સ્પર્ધા અને મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.વોલન્ટીયર્સ દ્વારા શાળાની દિવાલ પર વિવિધ સંદેશા સૂચક સૂત્રોનું લેખન કરવામાં આવ્યું. વોલન્ટીયર્સ ગામમાં સ્વચ્છતા જાગૃતિની રેલીનું આયોજન કર્યું હતું.

બપોર બાદ સહકારી શિક્ષણ તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવેલું હતું.










2022-3-22 12:46


2022.03.22 12:31


2022.03.22 12:31

## તારીખ:-23/03/2022

શાળાના બાળકો ગામ લોકો તેમજ વોલન્ટીયર્સ માં અંશ શ્રદ્ધા અંગે જાગૃતિ આવે તે માટે પ્રો.સત્યમ જોશી (માલવણ કોલેજ) ના જાદુગરનો ખેલ અને અંધશ્રદ્ધા નિવારણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ માટે વોલન્ટીયર્સ સમગ્ર ગામમાં ફરીને લોકોને ઉપસ્થિત રહેવા ગામમાં ફર્યા હતા ત્યારબાદ ગામ લોકોની હાજરીમાં વિવિધ સ્ટ્રીક અને હાથ ચાલાકી કેવી રીતે કરવામાં આવે છે તે અંગે જાણકારી આપી હતી. શ્રીફળ માંથી ચુંદડીને કંકુ કાઢવું, કલર ઓળખવા, પાસાને ઓળખવા, મોઢામાં બ્લેડ ગળવી, માતાજી આવ્યા વગેરે અંગે ગામ લોકોને બતાવીને જાગૃત કર્યા હતા.









ગુજરાત આદિવાસી વિકાસ પરિષદ, દાહોદ સંચાલિત- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન
આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સંતરામપુર
રાષ્ટ્રીય સેવા યોજના
N.S.S.
વાર્ષિક શિબિર
અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ-
"જન જાગૃતિ વાર્ષિક શિબિર"
તા. ૨૭/૦૩/૨૦૨૨
તા. સંતરામપુર, જિ. મહીસાગર.
2022-3-23 11:01


2022-3-23 10:39




રાષ્ટ્રીય સેવા યોજના
2022-3-23 11:15

**<u>તારીખ:-24/03/2022</u>**

ચાલુ વર્ષ આઝાદીના અમૃત વર્ષ તરીકે ઉજવાઈ રહ્યું હોય તારીખ:-24/03/2022 ના રોજ વોલન્ટીયર્સ ને સ્વાતંત્ર્ય સેનાની પરિચય પ્રવાસ ગોઠવી ગોવિંદ ગુરુ નું પવિત્રધામ માનગઢ નો પ્રવાસ યોજવામાં આવ્યો. પ્રોગ્રામ ઓફિસર પ્રો. એ જી ઠાકોરે માનગઢ ખાતે વોલન્ટીયર્સ ને માનગઢ અને ગોવિંદ ગુરુ ના ઇતિહાસ અંગે માહિતગાર કર્યા હતા. તેમજ ડોક્ટર હિતેશભાઈ વાડિયાએ વિદ્યાર્થીઓને વ્યસન મુક્તિ અંગે વ્યાખ્યાન આપ્યું હતું. વોલન્ટીયર્સ પ્રવાસનો ખૂબ જ આનંદ લીધો હતો.




શ્રી ગોવિંદ ગુરૂ ધામ-માનગઢ






2022-3-24 10:46

## <u>તારીખ:-25/03/2022</u>

તારીખ 25/03/2022 ના રોજ કેમ્પસ સ્થળ પર બીપી ચેકઅપ તેમજ ડાયાબિટીસ ચેકઅપ કેમ્પ રાખવામાં આવ્યો. પરંતુ ગામના લોકો આ કેમ્પનો લાભ લેવા માટે આવ્યા ન હતા. જેથી કેમ્પ થઈ શક્યો નહીં.

આજ દિવસે કોલેજમાં ગુજરાતી અને સિંધી સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા પ્રાદેશિક સેમિનાર યોજવામાં આવ્યો.




યુવક સહકારી
શિક્ષણ,
તાલીમ વર્ગ
2022-3-25 09:03


2022-3-25 09:02

## <u>તારીખ:- 26/03/2022</u>

તારીખ:-26/03/2022 ના રોજ ફિટ ઇન્ડિયા ગ્રામીણ રમતો અને યોગનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો શાળાના બાળકો અને ગ્રામજનો સહિત ગ્રામીણ રમતો શીખવાડવામાં આવી હતી. આ માટે વિવેકાનંદ કેન્દ્ર કન્યાકુમારી વડોદરા વિભાગના જીવન વતી કાર્યકર લોકેશભાઈ ઉપસ્થિત રહ્યા હતા તેમણે ગ્રામીણ રમતો દ્વારા શાળાના બાળકો અને વોલન્ટીયર્સ રજૂ કરી તેમજ ખૂબ જ ઉત્સાહથી રમતો રમાડી હતી.




રાષ્ટ્રીય સેવા યોજના
N.S.S.
વાર્ષિક શિબિર
NOT ME BUT YOU
2022-3-26 10:27


2022-3-26 10:09


રાષ્ટ્રીય સેવા યોજના
N.S.S.
વાર્ષિક શિબિર
2022-3-26 10:09

**<u>તારીખ:-27/03/2022</u>**

તારીખ :-27/03/2022 ના રોજ શિબિર નો સમાપન કાર્યક્રમ યોજવામાં આવ્યો. સમાપન સમારોહમાં વિશેષ ગુજરાત સરકારના શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર ઉપસ્થિત રહ્યા હતા.આ સાથે સહકારી શિક્ષણ તાલીમ કાર્યક્રમ ના ઇન્સ્ટ્રક્ટર શ્રી મોતીભાઈ પગી ઉપસ્થિત રહ્યા હતા. આચાર્યશ્રી અભય પરમાર સાહેબ માજી સરપંચ શ્રી દીપાભાઇ ડામોર સાહેબ સરપંચ શ્રી મંજુલાબેન, કોકીલાબેન તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. માનનીય મંત્રીએ વોલન્ટીયર્સ અને ગ્રામજનો ને ઉદ્દેશીને ભાષણ આપ્યું હતું મા. પ્રિન્સિપાલ સાહેબે ગામ લોકોને સાથ સહકાર બદલ આભાર માન્યો હતો. P. O. પ્રો. ડૉ. એ જી ઠાકોર એ કેમ્પમાં થયેલ કામગીરી નો અહેવાલ આપ્યો હતો. વિદ્યાર્થીઓએ પણ પોતાના અભિપ્રાય આપ્યા હતા.

છેલ્લે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વોલન્ટીયર્સ દેશભક્તિ કવાલી, મોબાઈલ ફોનના દુરુપયોગો ઉપરનું માઈમ તેમજ વિવિધ લોક નૃત્ય રજૂ કર્યા હતા.




ગુજરાત આદિવાસી વિકાસ પરિષદ, દાહોદ સંચાલિત- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન
આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સંતરામપુર
રાષ્ટ્રીય સેવા યોજના
N.S.S.
વાર્ષિક શિબિર
મહીસાગર જીલ્લા સહકારી
દ્વારા આયોજીત




આદિવાસી
રાષ્ટ્રીય
મહીસાગર જીલ્લા




2022-3-27